આઇ.સી.ડી.એસ. હેઠળ પુરક પોષણ યોજના (**SNP)** અંતર્ગત **Hot Cooked Meal (HCM)** માટે સ્થાનિક ખરીદીના નાણાકીય દરોમાં સુધારો કરવા બાબત

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: WCDD/MIS/e-file/23/2026/0688/B (ICDS)
સચિવાલય, ગાંધીનગર
તા:ઈ સાઈન મુજબ

**વંચાણે લીધા:-**

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગના તા. ૦૩/૦૨/૨૦૧૮ના ના ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૧૩/૫૯૨/બ

(૨) કમિશનરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા.૧૭/૧૦/૨૦૧૯ નો પરિપત્ર ક્રમાંક: પોષણ-૨ /આઇસીડીએસ/પુ.પો.ના ધોરણો/૧૯પોષણ /આઇસીડીએસ/૨૦૨૬-૨૭/૨૩૫૭૧

( 3 ) કમિશનરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા.૦૯/૦૬/૨૦૨૬ નો પત્ર ક્રમાંક: પોષણ /આઇસીડીએસ/૨૦૨૬-૨૭/૨૩૫૭૧

**પ્રસ્તાવના:**

વંચાણે લીધા ક્રમાંક (૧) પરના ઠરાવથી **ICDS** હેઠળ પુરક પોષણ કાર્યક્રમમાં ૬ માસથી ૬ વર્ષ સુધીના બાળકો, સગર્ભા અને ધાત્રી માતાઓ માટે તેમજ ૬ માસથી ૬ વર્ષ સુધીના અતિ કુપોષિત બાળકોને પુરક પોષણ પુરૂ પાડવા અંગેના નાણાકીય દરો નિયત કરવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૨) થી આંગણવાડી કાર્યકરે સ્થાનિક કક્ષાએથી કરવાનો ખર્ચ રૂ. ૫.૧૦ નકકી કરવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક(3) થી કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી દ્વારા **ICDS** હેઠળ પુરક પોષણ યોજના (**SNP)** અંતર્ગત **Hot Cooked Meal (HCM)** માટે સ્થાનિક ખરીદીના નાણાકીય દરોમાં પ્રતિ લાભાર્થી પ્રતિ દિન રૂ.૫.૧૦ થી વધારી રૂ.૮.૫૦ કરવા અંગેની દરખાસ્ત કરેલ જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

**ICDS** હેઠળ પુરક પોષણ યોજના (**SNP)** અંતર્ગત **Hot Cooked Meal (HCM)** માટે આંગણવાડી કાર્યકરને સ્થાનિક ખરીદીના નાણાકીય દર પ્રતિ લાભાર્થી પ્રતિ દિન રૂ.૫.૧૦ નક્કી કરવામાં આવેલ હતા તેમાં વધારો કરવાની ઉપર ક્રમાંકઃ 3 પર દર્શાવેલ દરખાસ્તને વિચારણામાં લઇ, પુખ્ત વિચારણાને અંતે હાલના રુ. ૫.૧૦ પ્રતિ લાભાર્થી પ્રતિ દિનમાં વધારો કરી રૂ. ૮.૫૦ કરવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

૨. આંગણવાડી કાર્યકરે કરવાના થતા સ્થાનિક ખરીદીના નાણાકીય દરો પ્રતિ લાભાર્થી પ્રતિ દિન રૂ. ૮.૫૦ થવાથી પ્રતિ દિન રૂ.૫.૧૦ રકમનો ખર્ચ કેન્દ્ર અને રાજય ફાળાના ૫૦:૫૦ ના ધોરણે રહેશે, જયારે પ્રતિ લાભાર્થી પ્રતિ દિન રુ.૩.૪૦ રકમનો વધારાનો ખર્ચ ૧૦૦ % રાજય ફાળાથી કરવાનો રહેશે.

૩. ગરમ નાસ્તા **Hot Cooked Meal (HCM)**ના અઠવાડિયાના મેનુમાં મગ કઠોળનો સમાવેશ કરવાનો રહેશે. જેનું અઠવાડિયાના વાર મુજબનું મેનુ નીચે મુજબ રહેશે તથા મેનુંમાં આપવાની થતી સામગ્રીની વિગતો પરિશિષ્ટ – અ મુજબ રહેશે.

**૩ થી ૬ વર્ષના બાળકોને સવાર તથા બપોરના ગરમ ભોજનનું મેનુ**

| ક્રમ | દિવસ | **સવારનો ગરમ નાસ્તો સમય:- 11 વાગ્યે** | **બપોરનો ગરમ ભોજન સમય:- 1:30 વાગ્યે** |
|---|---|---|---|

| | | | |
|---|---|---|---|
| ૧ | સોમવાર | બાફેલા/ ફણગાવેલા મગ અને ફળ | લીલીભાજી/શાક ઉમેરી મસાલાવાળા ભાખરી/થેપલા (10 ગ્રામ પ્રતિ બાળક સરગવાના પાન ઉમેરી), તુવેરદાળ લચકો |
| ૨ | મંગળવાર | વેજીટેબલ પુલાવ (શાક 10 ગ્રામ બાળક દિઠ માત્રા મુજબ) | લીલીભાજીના વઘારેલા મુઠીયા (10 ગ્રામ પ્રતિ બાળક સરગવાના પાન ઉમેરી), વઘારેલા મસાલા ચણા |
| 3 | બુધવાર | બાફેલા/ ફણગાવેલા મગ | ભાત, તુવેરદાળ લચકો (10 ગ્રામ પ્રતિ બાળક સરગવાના પાન ઉમેરી) અને શાક |
| ૪ | ગુરૂવાર | લીલીભાજીના વઘારેલા મુઠીયા (શાક 1 0 ગ્રામ બાળક દિઠ માત્રા મુજબ) અને ફળ | શાકભાજી ઉમેરેલો પુલાવ (10 ગ્રામ પ્રતિ બાળક સરગવાના પાન ઉમેરી) અને વઘારેલા ચણા |
| ૫ | શુક્રવાર | શીરો/સુખડી | દુધીના ઢેબરા (10 ગ્રામ પ્રતિ બાળક સરગવાના પાન ઉમેરી)અને વઘારેલા ચણા |
| ૬ | શનિવાર | ગળ્યા પુડલા/ગળી ભાખરી/સુખડી/શીરો/મુઠીયા | વઘારેલા ઢોકળા અથવા ઇડલી (10 ગ્રામ પ્રતિ બાળક સરગવાના પાન ઉમેરી) |

૪.આ વિભાગના તા. ૦૩/૦૨/૨૦૧૮ના ના ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૧૩/૫૯૨/બ ની અન્ય શરતો યથાવત રહેશે.

૫. ઉકત ઠરાવનો અમલ હુકમ થયા તારીખથી કરવાનો રહેશે.

૬. આ અંગેનો ખર્ચ આ સાથે સામેલ પરિશિષ્ટ – બ મુજબ મેળવવાનો તથા ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તા. ૦૩/૦૮/૨૦૨૬ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જયશ્રી પી વસાવા

નાયબ સચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી ,સ્વર્ણિમ સંકુલ-૧ સચિવાલય, ગાંધીનગર.
- માન.કેબિનેટમંત્રીશ્રી, (નાણાં) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (મ.બા.ક)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૨ સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી,નાણા વિભાગ ના રહસ્ય સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ) ના રહસ્ય સચિવશ્રી નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ

વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- કમિશ્નરશ્રી, કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં ૨૦, ડૉ જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- કમિશ્નરશ્રી,**ICDS.**, કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી બ્લોક નં ૨૦, ડૉ જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી (મ.બા.વિ), નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી (તમામ)...( કમિશ્નરશ્રી,**ICDS**, કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી મારફતે)
- મ્યુનિસિપલ કમિશ્નરશ્રી (તમામ) ... (કમિશ્નરશ્રી,**ICDS**,કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી મારફતે)
- જિલ્લા પ્રોગ્રામ અધિકારીશ્રી (તમામ) (કમિશ્નરશ્રી, **ICDS.**, કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી મારફતે)
- સીસ્ટમ મેનેજર,મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ

WCDD/MIS/e-file/23/2026/0688/B (ICDS)નું પરિશિષ્ટ – અ

| ક્રમ | આંગણવાડી કાર્યકર દ્વારા કરવામાં આવતી સામગ્રીની ખરીદી | પ્રતિ અઠવાડિયે પ્રતિ લાભાર્થી દીઠ માત્રા | પ્રતિ દિન પ્રતિ લાભાર્થી દીઠ ભાવ(રૂપિયા) |
|---|---|---|---|
| 1 | તુવેર દાળ | ૨૦ ગ્રામ (અઠવાડિયામાં ત્રણ વાર) - કુલ ૬૦ ગ્રામ | ૧.૨૪ |
| 2 | આખા ચણા | ૨૦ ગ્રામ (અઠવાડિયામાં ત્રણ વાર) - કુલ ૬૦ ગ્રામ | 0.85 |
| 3 | આખા મગ | ૩૦ ગ્રામ (અઠવાડિયામાં બે વાર) - કુલ ૬૦ ગ્રામ | ૧.૩ |
| 4 | ગૉળ | ૧૧.૨૫ ગ્રામ (અઠવાડિયામાં ચાર વાર) – કુલ ૪૫ ગ્રામ | ૦.૫૨૫ |
| 5 | સિઝનલ લીલા શાકભાજી | ૧૦૦ ગ્રામ (બધા છ દિવસો સહિત) | ૦.૮૩ |
| 6 | કેળાં જેવા ફળો (ફળ, અઠવાડિયામાં ૨ દિવસ) | ૧૦૦ ગ્રામ (અઠવાડિયામાં બે વાર) – કુલ ૨૦૦ ગ્રામ | ૨ |
| 7 | સિંગદાણા / તલ | ૫ ગ્રામ (દરરોજ) – કુલ ૩૦ ગ્રામ | ૦.૬૫ |
| 8 | મસાલા | દૈનિક ખર્ચ | ૦.૬ |
| 9 | સ્થાનિક પરિવહન ખર્ચ | દૈનિક ખર્ચ | ૦.૫ |
| | | **કુલ** | **૮.૫૦** |

## પરિશિષ્ટ – બ

WCDD/MIS/e-file/23/2026/0688/B (ICDS) નું ખર્ચ મેળવવા અને ઉધારવાનું પરિશિષ્ટ.

| ક્રમ | બજેટ સદરનું નામ | રકમ રૂ.<br>પ્રતિ દિન, પ્રતિ લાભાર્થી | કુલ રકમ |
|---|---|---|---|
| ૧ | ૯૫-૨૨૩૫-૦૨-૭૮૯-૦૪ NTR-3, SNP 50% કેન્દ્ર | ૨.૫૫ | |
| ૨ | ૯૫-૨૨૩૫-૦૨-૭૮૯-૦૫ NTR-3, SNP 50% રાજ્ય | ૨.૫૫ | ૫.૧૦ |
| ૩ | ૯૬-૨૨૩૬-૦૨-૭૯૬-૨૦ NTR-૨, SNP 50% કેન્દ્ર | ૨.૫૫ | |
| ૪ | ૯૬-૨૨૩૬-૦૨-૭૯૬-૨૧ NTR-૨, SNP 50% રાજ્ય | ૨.૫૫ | ૫.૧૦ |
| ૫ | ૧૦૬-૨૨૩૬-૦૨-૧૦૧-૦૯ NTR-૨, SNP 50% કેન્દ્ર | ૨.૫૫ | |
| ૬ | ૧૦૬-૨૨૩૬-૦૨-૧૦૧-૧૦ NTR-૨, SNP 50% રાજ્ય | ૨.૫૫ | ૫.૧૦ |
| ૭ | ૧૦૬-૨૨૩૬-૦૨-૧૦૧-૦૩ NTR-૨, ૧૦૦% રાજ્ય | ૩.૪૦ | ૩.૪૦ |
| | | ૮.૫૦ | ૮.૫૦ |

જયશ્રી પી વસાવા

નાયબ સચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

Signature Not Verified

Signed by: J P Vasava
Deputy Secretary
Date:2026.09.16
16:23:42 +5:30